સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

૧૦ ફેબ્રુઆરી - ૨૦૨૩
તંત્રી : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૧ - અંક - ૦૨

# જય અનાવિલ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.

કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-



# ઉંધીયા, પોક, જલેબી તથા ગીત-સંગીત કાર્યક્રમ
## તા. ૨૧.૦૧.૨૦૨૩ના રોજ યોજેલ
## શ્રી અનાવિલ સમાજ-મુંબઈ ના કમ્પાઉન્ડ માંની તસ્વીરો













# ઉંધીયા, પોક, જલેબી તથા ગીત-સંગીત કાર્યક્રમ
## તા. ૨૧.૦૧.૨૦૨૩ના રોજ યોજેલ
## શ્રી અનાવિલ સમાજ-મુંબઈ ના કમ્પાઉન્ડ માંની તસ્વીરો


















# નમ્ર નિવેદન

# શ્રી અનાવિલ સમાજ, મુંબઇ

૨૧૫, મગન મહલ, ૧ લે માળે, સર એમ.વી. રોડ, અંધેરી (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૬૯. ઈંડિયા
**ફોન** : +૯૧–૨૨–૩૫૪૧ ૮૬૮૧, મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
**ઈમેઈલ** : jaianavilpub@yahoo.com • **વેબસાઈટ** : www.anavilsamaj.org

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે મુંબઈના પરા કાંદીવલી પૂર્વ ખાતે સમાજ એક મકાન (વિક્રમ કો. હા.સો. ) ખરીદવાની તજવીજ ઘણા વર્ષોથી ચાલુ છે અને તે મકાનને રીડેવલપ કરી ત્યાં આઠ નવ માળનું સમાજે પોતાનું બિલ્ડિંગ બાંધવાનું નિર્ધારીત કર્યું છે..

આ ભવન માટે સમાજે અત્યાર સુધી ફંડ ભેગુ કરીને ૨૫ ટકા જગ્યા લીધી છે અને હવે બીજા ૭૫ ટકા જગ્યા માટે લગભગ ૭ કરોડ રૂપિયા ભેગા કરીએ તો આપણા સૌનું આ સપનું સાકાર થઈ જાય.

આ ભવનમાં વિવિધ સગવડ જેવી કે...

બહારગામથી મુંબઈમાં સારવાર માટે આવતા દર્દી અને તેમના સગાઓને રહેવાની સગવડ...

મુંબઈમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને હોસ્ટેલની સગવડ...

મુંબઈમાં કામકાજ માટે આવેલા લોકોને રહેવાની સગવડ...

સિનિયર સિટીઝન માટે ક્લબ...

પરદેશ આવતા જતા અનાવિલો માટે આરામ ગૃહ...

સર્વે જ્ઞાતિજનો માટે લાઈબ્રેરી, ભવનમાં રહેતા લોકો માટે ભોજનાલય, ઈન્ડોર ગેમ્સ તથા મહિલાઓ માટે ભજન કીર્તિન તથા અન્ય ઇત્તર પ્રવૃત્તિઓ વગેરે ની સુવીધાઓ આપવાનું વિચારણા હેઠળ છે...

તો આ સાથે આપ સૌને જ્ઞાતિના સામાજિક કલ્યાણકારી યોજનાઓમાં ભાગીદાર બની તન મન ધનથી સાથ સહકાર આપવા વિનંતી છે.

આપણામાં કહેવાય છે ટીપે ટીપે સરોવર ભરાય તેમ આપ સૌને વિનંતી કે જે કંઈ પોસિબલ હોય તે રીતે સમાજને મદદરૂપ થઈએ. જેમ બને તેમ જલ્દીથી દાન આપવા વિનંતી, કારણ કે આપણી પાસે સમય ઓછો છે, નહીં તો તક ગુમાવવી પડશે.

પ્રમુખ શ્રી : કિરણભાઈ દેસાઈ, મો. ૯૮૨૦૧ ૦૬૧૪૫

# ઊંટડી શાંતાબેન વિદ્યાભવનમાં બાળ આરોગ્ય મેળો યોજાયો

વલસાડ તા. ૧૯ : વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારના ઊંટડી ગામે ઊંટડી ગામે ઊટંડી વિભાગ કેળવણી મંડળ અને દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ઊંટડીમાં આવેલ શાંતાબેન વિદ્યાભવનના પટાંગણમાં બાળ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાળમેળામાં ઉદઘાટન મુખ્ય મહેમાન તરીકે દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ મેઘાબેન દેસાઈ (યુ.એસ.એ.)ના હસ્તે કરવામાં આવ્યું હતું. મેઘાબેન દેસાઈ બાળ આરોગ્ય મેળામાં હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્થાના પ્રમુખ કમલેશભાઈ દેસાઈએ આવકાર પ્રવચન આપી સંસ્થાનો પરિચય આપ્યો હતો. આ બાળમેળામાં બાળકો ગમ્મત દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે એવી વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન ગણતરી અને સ્વાસ્થ્યને લગતી અનેક રમતોના સ્ટોલ અને આરોગ્યને લગતી માહિતીના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. બાળકો માટે ડેન્ટલ ચેકઅપની સુવિધા રાખવામાં આવી હતી, જેમાં ડો. દ્રષ્ટિ ચીખલીયા અને ડો. મૌલી પરમાર તેમ જ ધરાસણા પી.એચ.સી.ના ડો. નિધિ પટેલ સેવા આપી હતી. વલસાડ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમ દ્વારા બાળકોને ગુડ ટચ-બેડ ટચની માહિતી આપી હતી. મુંબઈની પ્રખ્યાત ગાયિકા અવંતી નાગ્રાલે ગીતોના ગાન દ્વારા બાળકોમાં જોરદાર આકર્ષણ જમાવ્યું હતું. દરેક બાળકોને શૈક્ષણિક ચીજ વસ્તુઓ, ફળો અને જ્યુસ વગેરેની કીટ આપવામાં આવી હતી. વિવિધ રમતોના સ્ટોલ પર રમતો રમતા વિજેતા બાળકોને ઈનામો પણ આપ્યા હતા. આ બાળ આરોગ્ય મેળાનો આજુબાજુના વિસ્તારના ૧૬૩૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે ઊંટડી વિભાગ કેળવણી મંડળના ટ્રસ્ટીગણ અને દેસાઈ ફાઉન્ડેશનના હોદ્દેદારો તથા સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાહતા. આ બાળમેળાને સફળ બનાવવા માટે શાંતાબેન વિદ્યાભવનના સારસ્વતમિત્રો તથા દેસાઈ ફાઉન્ડેશનના કાર્યકર્તાઓએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.



# ઊંધિયા પોક, ગીત, સંગીત કાર્યક્રમનો અહેવાલ
# શનિવાર, તા.૨૧.૦૧.૨૦૨૩ના રોજ સાંજે ૬.૩૦ ક.
# શ્રી અનાવિલ સમાજ, મુંબઈના કમ્પાઉન્ડ માં
# આ કાર્યક્રમ યોજાયો હતો.

શ્રી અનાવિલ સમાજ, મુંબઈની મહિલા સમીતીના મીનાક્ષીબેને શિવમ્ ગ્રુપ , (સુરત, ઇન્ડિયા) શ્રી રાજેશભાઈ નાયક નો પરીચય આપતા જણાવ્યું હતું કે રાજેશભાઈ તથા સાથીઓ દ્વારા સુરત શહેરની ખૂબ જ પ્રચલિત શારદાયતન શાળા, પીપળોદમાં છેલ્લા ૩૦ વર્ષથી મ્યુઝિક ટીચર તરીકે સેવા આપી રહ્યા છે, તેઓશ્રી છેલ્લાં ૩૨ વર્ષથી શિવમ્ ગ્રુપ નામે પોતાના સાથી કલાકારો સાથે સંગીતના વિવિધ પ્રોગ્રામ આપી રહ્યા છે. જેમાં બર્થડે પાર્ટી, લગ્ન ગીતો, લગ્ન પ્રસંગે ગવાતા ગીતો, રિસેપ્શન પ્રોગ્રામ , દાંડિયા રાસ તેમજ પ્રાસંગિક તહેવારમાં ભક્તિ સંગીતના વિવિધ પ્રોગ્રામો કરે છે.

સુરત તેમજ દક્ષિણ ગુજરાતમાં, તેઓ શુભ-અશુભ પ્રસંગે સંગીતના અનેક કાર્યક્રમો કરી ચૂકયા છે, શ્રી રાજેશભાઈ અમેરિકા મુકામે પણ ચાર વાર એમના શ્રી મનસુખભાઇ પટેલ, રંજનબેન પટેલ જેવા સ્નેહીજનોના સથવારે, શુભ અવસરે લગ્ન ગીતો, રાસ ગરબા તેમજ અન્ય ફિલ્મી ગીત સંગીતના કાર્યક્રમો કરી ચૂક્યા છે, એમણે પોતાનું જીવન સંગીત મય બનાવ્યું છે, આજે એમની સાથેના સાથી કલાકાર મિત્રો છેલ્લા ૧૫ વર્ષથી સાથે રહીને કામ કરી રહ્યા છે એમના ધર્મપત્ની શ્રીમતી પ્રીતિબેન તેમજ દીકરી જેનીશા પણ એક સારા સિંગર તરીકે એમની સાથે સાથ આપે છે, એમનો દીકરો ધૈવત એ પણ સારા Guitarist અને Singer છે,

આપશ્રી તરફથી આજરોજ મહેંદી સંગીતના માંગલિક પ્રસંગે લગ્ન ગીતો, સુગમગીત, ફિલ્મીગીતો અને રાસ ગરબા ગાવાની સુંદર તક મને મળી છે, તમામ આયોજકશ્રીનો હૃદયપૂર્વક આભારી છું.

મધુસુદનભાઈ, કિરણભાઈ એ કાર્યક્રમમાં સ્ટેજ ડેકોરેશન, ગીત સંગીત કાર્યક્રમની વ્યવસ્થામાં, મીનાક્ષીબેન, ગીતાબેન, વિજયભાઈ ઊધીયાની વ્યવસ્થામાં, પોર્ક ની વ્યવસ્થામાં કિરણભાઇ, મઠ્ઠો ની વ્યવસ્થામાં પ્રવિણભાઈ, પ્રીતિબેન, કૃપાલીબેન રમતગમત ની વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. કાઉન્ટર પર પુનમબેન, નીનાબેન તથા અન્ય એ સેવા આપી હતી. દિલીપભાઈ અને મીનાક્ષીબેન ગીતકાર રાજેશભાઈ નાયકને ટેકો આપી એમના ઉત્સાહમાં વધારો કર્યો હતો. ફોટોગ્રાફી માં ઉર્મીશભાઈ એ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાર્યક્રમ જોવા આવનાર ગોરેગાંવ ના મેહુલભાઈ કારોબારી સમિતીને સહાયરૂપ થયા હતો. કિરણભાઈ ના નેતૃત્વ હેઠળ સમગ્ર ટીમ એ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક કામ કીને કાર્યક્રમને મજેદાર અને સફળ બનાવ્યો હતો.

**રાજેશભાઈ નાયક એ મુંબઈ ના અનાવિલ સમાજના જ્ઞાતિજનોને વિવિધ ગુજરાતી ગીતો, ગઝલો, ફિલ્મી ગીતોથી રસ તરબોળ કરી નાખ્યા હતા અને એમના પુત્ર ધૈરવત એ પણ ગિટાર પર ગીતો ગાયા હતા.**

( ૨૧-૦૧-૨૦૨૩ શનિવાર )

(*) ઇતની શક્તિ હમે દેના દાતા (*) મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી,

(*) પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, (*) જો તુમકો હો પસંદ વો હી બાત,

(*) * પલ પલ દિલ કે પાસ તુમ,

* યે જીવન હૈ ઇસ જીવન કા.... (જેવાં શ્રી કિશોરકુમાર ના ગીતો )

(*) જબ કોઈ બાત બિગડ જાય, (*) * કહીં દુર જબ દિન ઢલ જાય,

* તારોંમેં સજકે અપને સુરજ સે, (જેવા શ્રી મુકેશજી ના ગીતો )

(*) નયનને બંધ રાખીને,.. (*) તારી આંખનો અફીણી

(*) નજરના જામ છલકાવીને,

(*) પાંદડુ લીલુને રંગ રાતો,.. (જેવા ગુજરાતી ગીતો )

અને રાજેશભાઈ નાયકના દીકરા શ્રી ધૈવત નાયકે હિન્દી પિક્ચરના નવા ગીતો તેમ જ ગુજરાતી ગીત | વ્હાલમ આવોને આવોને... ખુબ જ સુરીલા સ્વરે રજૂ કરી અનાવિલ સમાજ મુંબઈના તમામ સંગીત પ્રેમીઓને આનંદિત કર્યા હતા.

વિશેષમાં શ્રી રાજેશભાઈ નાયકે યે દોસ્તી હમ નહીં તોડેંગે સરસ મજાનું ઇન્સ્ટ્રુમેન્ટલ સંગીત માઉથ ઓર્ગન પર વગાડી પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

પ્રીતીબેન, કૃપાલીએ હાજર રહેલ જ્ઞાતિજનોને રમત રમાડી સમાજને માટે ડોનેશન ભેગું કર્યું હતું અને ઇનામો આપ્યા હતાં.

શ્રી રાજેશ નાયકે શિવમ ગ્રુપ સુરતના તમામ કલાકાર મિત્રો વતી પ્રમુખશ્રી કિરણભાઈ દેસાઈ, શ્રી દિલીપભાઈ દેસાઈ તેમજ શ્રી મધુસુદનભાઈ દેસાઈ તેમજ અને સમાજના તમામ કાર્યકર્તાઓનો હૃદય પૂર્વક વિશેષ આભાર માન્યો હતો.

**– મધુસુદન દેસાઈ (સહમંત્રી)**

## વાહ... વાહ...

**દુનિયા વાહ વાહ થી ચાલે છે**
**કોઈ વાહ કરનારની વાહ કરે છે.**
**સ્પષ્ટ વક્તા અળખામણા થાય છે.**
**નરોવા કુંજરોવામાં સમજ દેખાય છે.**

**– સ્વ રચિત, ભરતકુમાર ડી. દેસાઈ**

# પ્લોટ વેચવાનો છે

ઠાકોરવાડીના સાંનિધ્યમાં ઓરેન્જ હોસ્પિટલની સામે, સ્ટેશન રોડ, નવસારી ૪૦ ફૂટ રોડની પહોળાઈ પર ૪૭૩૬.૦૦ ચો. ફૂટ કોમર્શિયલ પ્લોટ વેચવાનો છે. સ્ટેનની પાસે.

સંપર્ક : સ્વ. સુશીલાબેન ઠાકોરભાઈ મહેતાના વિલના એક્ઝિક્યુટર
શ્રી ભરતભાઈ દેસાઈ : ૦૯૮૨૧૦૫૫૦૬૪
શ્રી શેખર પરીખ : ૯૪૨૬૮૦૯૪૪૪

# નાતનો મહિમા

ભણ્યાં તમે ગણ્યા તમે, એ માવતરનો પરતાપ છે.
પણ માણસાઈ શીખ્યા તમે, એ નાતનો ઉપકાર છે.
લખલુટ સંપત્તિ છો મળી, એ કુદરનો પરતાપ છે.
સદ્ઉપયોગ કરવા સંપત્તિનો, ખરૂ ઠેકાણુ નાત છે.
ખરે ટાણે ખબર પડે, સૌનું ખરું ઠેકાણુ નાત છે.
આંતર જ્ઞાતીય લગ્નોની, ડાહી ડાહી વાત કરાય છે.
દીકરા-દીકરી વળાવવા, સૌને ખરુ ઠેકાણું નાત છે.
નાત છે વાડા બંધી એમ કહેવું નર્યો બકવાસ છે.
સ્નાહ વહેચી, સ્નેહ પામવાની, પ્રયોગશાળી નાત છે.
દુનિયા આખી ખુંદી વળી, પણ ખરો વિશ્વાસ નાત છે.
લાખો સંબંધી હોય ભલે, પણ નાત એ તો નાત છે.



૧૩ મો સમૂહ જનોઈ મગનવાડી, કડોદરા મુકામે આજ રોજ યોજાયો. જેમાં ૧૯ બટુકોએ લાભ લીધો હતો. આ તબક્કે વખતો વખત દાન આપનાર દાતાઓ અને દર વર્ષે જનોઈમાં બેઠેલા બટુકો અને તેમના માતા પિતાઓનો ખૂબ ખૂબ આભાર...




**તા. ૧૭.૦૨.૨૦૨૩ના પ્રસારણ થતી ગુજરાતી ફિલ્મ આગંતુક માં ઉત્સવ નાયક**

# <u>અથાણા હેલ્ધી છે ?</u>

આપણે જ્યારે નવું અથાણું બનાવીએ તો જૂનું કોઈને આપી દઈએ છીએ પણ એવું નહીં કરવું કારણ કે જૂના અથાણાંમાં વિટામીન બી-૧૨ વધારે બનેલું હોય છે તે ઉપરાંત એમાં મીનરલ્સ, વિટામીન્સને ઈલેક્ટ્રોલાઈટ પણ હોય છે. કોઈ પણ ખોરાક અથાય અને ફોર્મેન્ટેશન થાય એટલે એમાં બી-૧૨ બનતું હોય છે પણ આપણે એ ખોરાકને પાછો ગરમ કરીએ તો તેમાંથી બી-૧૨ ઘટી જાય. પરંતુ અથાણામાં બી-૧૨ એવું રહે છે અને આપણે એ ડાયરેક્ટ ખાઈએ છીએ એટલે એ વધારે ન્યુટ્રિશિયસ છે. બી-૧૨ આપણા વેજીટેરીયન ખોરાકમાં નોન વેજીટેરિયન કરતાં ઘણું ઓછું હોય છે.

## <u>કોણે કયું અથાણું ખાવું જોઈએ ?</u>

આપણા શરીરની તકલીફ પ્રમાણે અલગ અલગ અથાણા ખાવા જોઈએ. આપણે મસાલાના ડબ્બા જેવા જ અલગ અલગ અથાણાના ડબ્બા હંમેશા ડાઈનિંગ ટેબલ પર રાખવા જોઈએ.

**<u>૧. મેથીયાનું અથાણું :</u>** વિટામીન સી, બી-૧૨થી ભરપૂર છે. આર્યનથી ભરપૂર છે. તે ઈમ્યુનિટી વધારે છે કેમ કે મેથી નેચરલ સ્ટીરોઈડ છે.

**<u>૨. લીંબુનું અથાણું :</u>** લીવરની તકલીફ વાળાએ આખા લીંબુ છાલ સાથેનું અથાણું ખાવું જોઈએ. તેમાં વિટામીન સી, બી-૧૨ ખૂબ જ હોય છે. તે હાઈબીપી વાળાને પણ ફાયદાકારક છે.

**<u>૩. મિક્સ વેજીટેબલ અથાણું :</u>** હાઈ એસ્ટ્રોન, પીસીઓડી, થાઈરોડની તકલીફવાળા માટે ખૂબ જ સારું છે. તેમાં ક્રુસીફેરીયસ વેજીટેબલ ઉમેરવા જેવા કે ગાજર, કોબી, ફ્લાવર બીટ, કાકડી, ગુંદા, તાજુ બનાવીને પણ ખવાય.

**<u>૪. લસણનું અથાણું :</u>** ગોલ બ્લેડર સ્ટોન, લીવરની તકલીફ, હાઈ કોલેસ્ટ્રોલ, ફંગલ ઈન્ફેકશન, થાઈરોડ, ગર્ભાશયની તકલીફવાળાને સ્કીન પ્રોબ્લેમમાં ખૂબ ઉપયોગી છે.

**<u>૫. ગુંદાનું અથાણું :</u>** એન્ટી ડાયાબિટીસ છે તેમાં ફેફસાની તકલીફ માટે પેટના દુખાવામાં પણ ઉપયોગી છે.

**<u>૬. આમળાનું અથાણું :</u>** આયરનથી ભરપૂર અને વિટામીન સી હોય છે. હિમોગ્લોબીન વધારવા માટે તેમાં સ્કીન અને વાળ માટે ઉપયોગી છે.

**<u>૭. કોબીનું અથાણું :</u>** હાઈ એસ્ટ્રોજન માટે ઉપયોગી છે. લીવર માટે પણ સારું છે તેમાં ખૂબ જ પ્રમાણમાં ઝીંક હોય છે.

**<u>૮. કાકડીનું અથાણું :</u>** હાઈ બીપી માટે સારું છે તેમાં સારા પ્રમાણમાં પોટેશિયમ હોય છે.

એ ઉપરાંત બીજા ઘણાં બધાં અથાણા જેમ કે આદુનો, મશરૂમનું, આંબા હળદર, કાંદાનું અથાણું ખૂબ ઉપયોગી હોય છે. મશરૂમના અથાણામાં વિટામીન ડી સારા પ્રમાણમાં હોય છે. પાણીચા અથાણાને ગર્મરનું અથાણું આપણે વાપરતા હોઈએ છીએ એ ડાયાબિટીસ તેમ જ કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે ઉપયોગી છે. અથાણું બનાવતી વખતે આયોડાઈડ સોલ્ટ અથવા સી વોલ્ટ વાપરવું. તેમાં કોકોનટ ઓઈલ સરસવનું તેલ અને એપલ સિડર વિનેગર વાપરવું જોઈએ. જે આપણા ખોરાક પચાવવા માટે સારું છે. બને ત્યાં સુધી આપણા ઘરે બનાવેલાં અથાણાં જ ખાવા....

—

વધારે જાણકારી અને પર્સનલ સવાલ માટે...

**Dr. Priti K Desai**
**Homeopath, IFM (Doha-Qatar)**
**WHATSAPP +974 3383 5009 /+91 98219 34804**

**માનનીય મુંબઈના કલેકટર નિધિ ચૌધરી એ બાંદ્રા કલેકટર ઓફિસમાં પ્રીતિ દેસાઈનું વર્ષ ૨૦૨૨ ના બેસ્ટ ઈલેકશન ઓફિસર તરીકે સન્માન કર્યું. અભિનંદન**





# <u>અવસાન</u>

| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| પલસાણા/વિલેપાર્લા | સ્વ. દિલીપકીકુભાઈ દેસાઈ | ૩૧-૧૨-૨૦૨૨ |
| સુરત | સ્વ. રમણલાલ ગુલાબભાઈ દેસાઈ | ૨-૧-૨૦૨૩ |
| વલસાડ | સ્વ. કિશોરભાઈ આર. દેસાઈ | ૪-૧-૨૦૨૩ |
| અલથાળ | સ્વ. અરવિંદભાઈ છગનલાલ દેસાઈ | ૧૦-૧-૨૦૨૩ |
| બારડોલી | સ્વ. પુષ્પાબેન યશવંતરાય દેસાઈ | ૯-૧-૨૦૨૩ |
| વલસાડ | સુ. શ્રી. સુનિતા પ્રફુલ્લભાઈ વશી | ૯-૧-૨૦૨૩ |
| નવસારી | સ્વ. બાબુભાઈ વશી | ૧૨-૧-૨૦૨૩ |
| સુરત | સ્વ. હસુમતીબેન ઠાકોરભાઈ દેસાઈ | ૧૨-૧-૨૦૨૩ |
| અંધેરી | સ્વ. હીરુબેન ઈશ્વરલાલ વશી | ૧૧-૧-૨૦૨૩ |
| નવસારી | સ્વ. મધુબેન રમણલાલ દેસાઈ | ૧૦-૧-૨૦૨૩ |
| તલિયારા | સ્વ. મિતેષકુમાર મોહનલાલ નાયક | ૧૧-૧-૨૦૨૩ |
| નવસારી | સ્વ. બાબુભાઈ મગનભાઈ વશી | ૧૨-૧-૨૦૨૩ |
| એરું | સ્વ. દિલીપભાઈ ઠાકોરભાઈ મહેતા | ૧૧-૧-૨૦૨૩ |
| સુરત | સ્વ. રાજેન્દ્રપ્રસાદ બળવંતરાય દેસાઈ | ૧૫-૧-૨૩ |
| અમલસાડ | સ્વ. ઈન્દુબેન બલુભાઈ વશી | ૧૪-૧-૨૦૨૩ |
| સુરત | સ્વ. અમુલ દેસાઈ | ૧૭-૧-૨૦૨૩ |
| ઊંટડી | સ્વ. સવિતાબેન બળવંતરાય દેસાઈ<br>અનાવિલ સમાજ, મુંબઈના માજી પ્રમુખના ધર્મપત્ની | ૨૪-૧-૨૨ |
| નવસારી | સ્વ. સંકેત નટુભાઈ નાયક | ૧૦-૧-૨૦૨૩ |
| છરવાદા (મલાડ) | સ્વ. ભરતભાઈ બચુરાઈ પરાગજી દેસાઈ | ૧૫-૧-૨૦૨૩ |

**જ્ઞાતિજનોનાં અવસાન ની દુઃખ સાથે નોંધ લઈએ છીએ અને પરમ કૃપાળુ પરમાત્મા એમનાં આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.**

# <u>મેડિકલ કેમ્પ</u>

શ્રી અનાવિલ સમાજ, મુંબઈ અને સત્ય સાઈ સેવા સમિતિ, વલસાડ ના સહયોગથી મેડિકલ કેમ્પ ૧૨ માર્ચ ૨૦૨૩, રવિવારના રોજ તાલુકા કપરાડા ગામ પૈખલ ખાતે આયોજિત કરવામાં આવીયો છે. સર્વો દાન તથા સહયોગ આવકાર્ય છે.


શ્રી અનાવિલ
25
અસ્તિત્વનો રજતોત્સવ
શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ, નવસારી
આયોજીત
સંસ્કૃતિ
૨૦૨૩
આનંદમેળો
ઉદ્યોગ - વ્યાપાર - કૃષિ - આરોગ્ય -
કળા અને વિજ્ઞાન
પ્રદર્શન અને વેચાણ
૨૪-૨૫-૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩
સ્થળઃ શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ
સ્વપ્નલોક સંકુલ, કાલિયાવાડી પુલ પાસે, નવસારી-૩૯૬ ૪૪૫.
ફોનઃ ૦૨૬૩૭-૨૫૪૦૩૪, ૯૯૨૪૮ ૯૧૮૭૨
સ્ટોલની માહિતી અને બુકિંગ માટે સંપર્કઃ ૯૭૨૫૫ ૦૩૯૦૩

## સાભાર – સ્વીકાર

### અસહાય મહિલા સહાય ફંડ

– પારૂલબેન એમ. દેસાઈ, અંધેરી (ઇ) ૫,૦૦૦/–

સ્વ. માતુશ્રી સવીતાબેન બળવંતરાય દેસાઈના સ્મરણાર્થે

શ્રી મધુસૂદન દેસાઈ, અંધેરીના પ્રયત્નોથી

### જાહેરખબર ફંડ

– રાજેન્દ્રભાઈ પી. દેસાઈ ૧,૦૦૦/–

### એજ્યુકેશન ફંડ

– રમેશભાઈ દેસાઈ, અંધેરી (વે) ૨૧,૦૦૦/–

સ્વ. અ.સૌ. મંજુલાબેન રમેશભાઈ દેસાઈ,

તલાવચૌરા, હાલ અંધેરીના સ્મરણાર્થે

શ્રી મધુસૂદન દેસાઈ, અંધેરીના પ્રયત્નોથી

– કુલ તબીબી સહાય આપી જાન્યુઆરી ૨૦૨૩ ૧,૦૦,૦૦૦/–

– અસહાય મહિલા ૩,૦૦૦/–

– કુલ રકમ ૧,૦૩,૦૦૦/–

### આજીવન સભ્યો

– દીપ્તી એસ. દેસાઈ, બોરીવલી (વેસ્ટ) ૧,૦૦૦/–

– ડો. પ્રીતી કે. દેસાઈ, મલાડ (વેસ્ટ) ૧,૦૦૦/–

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)



મૂળ વતન, રાનકુવા હાલ (નવસારી)ના રહેવાસી અને સ્વ. મધુસુદન મણીભાઈ દેસાઈ અને સ્વ. મીનાબેન મધુસુદન દેસાઈની સુપુત્રી પ્રા. દીપા પુકાર દેસાઈએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડો. અમિત પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિષયમાં A Study Of the Adaptation of Selected Novels to Film વિષય પર મહાશોધ નિબંધ તૈયાર કર્યો હતો જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય કરી પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે. હાલ દીપા. પુકાર દેસાઈ સાબરગામ કોમર્સ કોલેજ, સુરત ખાતે અંગ્રેજી વિષયમાં એચ.ઓ.ડી. તરીકે કાર્યરત છે.

# લગનસંબંધી



| | | |
|---|---|---|
| નામ | : | ધ્રુવ ભરતભાઈ મહેતા |
| જન્મ તારીખ | : | ૧૬.૦૨.૧૯૯૩ |
| જન્મ સ્થળ | : | મણીનગર, અમદાવાદ |
| સમય | : | રાત્રે ૧૧.૦૦ ક. |
| વતન | : | કાલીયાવાડી |
| મોસાળ | : | દીહેણ, હાલ અમદાવાદ |
| દેવક/ગોત્ર | : | કૌશીક |
| દેખાવ | : | ગોરો |
| ઉંચાઈ | : | ૧૮૫ સેમી, ૬'–૨", વજન : ૮૬ કીલો |
| ઇ–મેઈલ | : | dhrvuh7@gmail.com |
| સરનામું | : | સી–૫, પદંબીકા ચેમ્બર્સ, ભૂયંગદેવ ક્રોસ રોડની નજીક, મેમનગર, અમદાવાદ |

શૈક્ષણીક લાયકાત :

બી.કોમ. ગુજરાત યુનીવસીર્ટી

ઇન્ટરનેશનલ બીઝનેશમાં ડીપ્લોમાં, ગુજરાત યુનીવસીર્ટી

| | | |
|---|---|---|
| વ્યવસાય | : | મેન્યુઅલ સોફ્ટવેર ટેસ્ટર, નેકસ્ટ, જન કલીયરીંગ |

કૌટુંબીક માહીતી :

| | | |
|---|---|---|
| પિતા | : | ભરતભાઈ યશવંતરાય મહેતા – ૯૪૦૮૪૭૭૭૬૮ |
| વ્યવસાય | : | બીલ કલેકશન સેંટર, ટોરંટ પાવર |
| માતા | : | મમતા ભરતભાઈ મહેતા – ૯૭૨૭૯ ૭૫૭૬૮ |
| વ્યવસાય | : | સીનીયર ઓફીસર, કો.ઓપ. બેંક |
| ભાઈ–બેન | : | નથી |
| કાકા | : | પ્રકાશભાઈ યશવંતરાય મહેતા – ૯૯૯૮૩ ૪૮૫૦૩ |
| મામા | : | મયંક દીલીપકુમાર દેસાઈ – ૯૮૨૫૩ ૩૩૬૧૮ |

# ટ્રસ્ટ માહિતી

**સંસ્થાનું નામ :** શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

**રજીસ્ટર ઓફીસ અને પત્રવ્યવહાર સરનામું :** ૨૧૫, મગન મહલ, ૧ લે માળે, સર એમ.વી. રોડ, અંધેરી (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૬૯. ઈંડિયા

**ફોન :** +૯૧–૨૨–૩૫૪૧ ૮૬૮૧, મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮

**ઈમેઈલ :** jaianavilpub@yahoo.com • **વેબસાઈટ :** www.anavilsamaj.org

**ટ્રસ્ટ રજીસ્ટ્રેશન :** અન્ડર ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦

**રજીસ્ટ્રેશન નં. :** એ–૬૩૨ (મુંબઈ) તા. ૯ નવેમ્બર ૧૯૫૨

**આવકવેરા રજીસ્ટ્રેશન અને એક્ઝેમ્પશન :**

અ) રજીસ્ટ્રેશન અન્ડર સેક્શન ૧૨એ (અ) ઓફ ધી આઈ.
ટેક્સ એક્ટ, ૧૯૬૧: ટીઆર/૩૬૬૦૨ તા. ૪ એપ્રિલ ૨૦૦૨

બ) શ્રી અનાવિલ સમાજ, મુંબઈને દાન આવકવેરા અધિનિયમ
૧૯૬૧ ની ૮૦ જી (૫) હેઠળ મુક્તિ છે.
ઓર્ડર નં. ડીઆઈટી(ઈ)/એમસી/૮૦જી/૨૦૫૯/૨૦૦૯–૧૦

**આવકવેરા વિભાગ દ્વારા રજુ કરાયેલ પેન : એએએટીએસ૧૮૯૯કે**

**ફોરેન ના દાતાઓ માટે બેંક એકાઉંટસની વીગત**

**ટ્રસ્ટનું નામ – શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ન્યુ દીલ્હી મેઈન બ્રાન્ચ (કોડ ૦૦૬૯૧)**

**૧૧, પાર્લામેન્ટ સ્ટ્રીટ, ન્યુ દીલ્હી એનસીટી ઓફ દીલ્હી – ૧૧૦૦૦૧. PURPOSE CODE : P1303**

**એકાઉન્ટ નં. ૪૦૨૩૪૯૫૧૪૭૪, આઈએફએસસી કોડ : SBIN0000691 SWIFT : SBININBB104**

**બેંક અકાઉન્ટ :**

**બેંક ઓફ ઈંડિયા,** એસ.એસ.આઈ. અંધેરી, મથુરીયા અપાર્ટમેન્ટ, ૪૯, સર એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

**બચત ખાતા નં. ૦૦૯૦૧૦૧૦૦૦૦૫૪૧૪,**

**આઈ.એફ.એસ.સી. : બીકેઆઈડી૦૦૦૦૦૯૦**

**એચડીએફસી બેંક લીમીટેડ** ઈમ્પેરીયલ મહલ, ગ્રાઉન્ડ ફ્લોર, ખોડાદાદ સર્કલ, દાદર, ટી.ટી. મુંબઈ – ૪૦૦ ૦૧૪.

**બચત ખાતા નં. ૫૦૧૦૦૦૭૮૨૬૧૨૬૭,**

**આઈ.એફ.એસ.સી. : એચડીએફસી૦૦૦૦૦૮૪**

We can receive payment for samaj through this scanner

**ઓડીટર :**

મે. સંજય એમ. દેસાઈ એન્ડ કાં. ૨૫, ગંગા નિવાસ, આઝાદ સ્ટ્રીટ, ઓફ એસ.વી. રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦ ૦૫૮.

**ડોનેશન :**

ડોનેશન આપવા માટે ચેક ઉપર **શ્રી અનાવિલ સમાજ, મુંબઈ** નામ લખવું.

# તા. ૦૬.૦૨.૨૦૨૩ થી તા. ૦૭.૦૩.૨૦૨૩ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૭૯
*શુભ દિવસ

શુ ભ ૐ ઐં હ્રીં શ્રીં ક્લીં લા ભ

**મહા વદ**

ફેબ્રુઆરી ૨૦૨૩

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૭.૧૩ શ્રી મંગલમ્ સૂ.અ.૧૮.૩૩ |
|---|---|---|---|---|
| ૫ | શનિ | ૧૧ | ચિત્રા | – (ચંદ્ર-તુલા : ૧૩.૦૩) |
| *૬ | રવિ | ૧૨ | સ્વાતિ | પૂર્વેધુ : શ્રાદ્ધ, વ્યતિપાત મહાપાત ૧૦.૨૯ થી ૧૪.૫૯ |
| ૭ | સોમ | ૧૩ | વિશાખા | અષ્ટકા શ્રાદ્ધ, શ્રીનાથજીનો પાટો. (નાથદ્વારા), કાલાષ્ટમી, સૂર્ય કુંભમાં ૯.૪૫, સંક્રાંતિ પૂણ્યકાળ સૂ. ઉ. થી ૯.૪૫, વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૨૦.૩૭) |
| ૮ | મંગળ | ૧૪ | અનુરાધા | અનવષ્ટકા શ્રાદ્ધ, જાનકી જન્મ, વિંછુડો |
| ૯ | બુધ | ૧૫ | જયેષ્ઠા | શ્રી રામદાસ નવમી, દશમી ક્ષય તિથિ, શ્રી જલારામ બાપા પુણ્ય તિથિ, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૨૪.૪૭) |
| ૧૧ | ગુરૂ | ૧૬ | મૂળ | વિજયા (સ્માર્ત) એકાદશી (પેંડા) |
| ૧૨ | શુક્ર | ૧૭ | પૂ.ષા. | વિજયા (ભાગવત) એકાદશી (પેંડા) (ચંદ્ર-મકર : ૨૫.૪૯) |
| ૧૩ | શનિ | ૧૮ | ઉ.ષા. | શનિ પ્રદોષ, મહા શિવરાત્રિ, શિવ પૂજન, નિશિથકાળ ૨૪.૩૮ થી ૨૫.૧૬, સૂર્ય મીનમાં ૨૮.૦૫ |
| ૧૪ | રવિ | ૧૯ | શ્રવણ | દર્શ અમાવસ્યા, શિવાજી જયંતી, સૂર્ય શતતારામાં ૨૪.૧૦ પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૨૫.૧૬) |
| ૩૦ | સોમ | ૨૦ | ધનિષ્ઠા | પંચક, સોમવતી અમાસ ૧૨.૩૭ સુધી |
| ૧ | મંગળ | ૨૧ | શત. | ચંદ્ર દર્શન, પંચક, દ્વિતીયા ક્ષય તિથિ, શ્રી રામકૃષ્ણ જયંતી (ચંદ્ર-મીન : ૨૫.૧૨) |
| *૩ | બુધ | ૨૨ | ઉ. ભા. | પંચક |
| ૪ | ગુરૂ | ૨૩ | રેવતિ | વિનાયક ચતુર્થી, વૈધૃતિ મહાપાત પ્રા. ૩૦.૨૩, પંચક સ. (ચંદ્ર-મેષ : ૨૭.૪૫) |
| *૫ | શુક્ર | ૨૪ | અશ્વિની | વૈધૃતિ મહાપાત સ. ૧૦.૨૪ |
| ૬ | શનિ | ૨૫ | ભરણી | – |
| ૭ | રવિ | ૨૬ | કૃતિકા | ભાનુ સપ્તમી, હોળાષ્ટક પ્રારંભ ૨૪.૫૯ (ચંદ્ર-વૃષભ : ૧૦.૧૫) |
| ૮ | સોમ | ૨૭ | રોહિણી | દુર્ગાષ્ટમી, બુધ કુંભમાં ૧૬.૪૭ |
| ૯ | મંગળ | ૨૮ | રોહિણી | બુધ પૂર્વાસ્ત (ચંદ્ર-મિથુન : ૨૦.૩૨) |
| *૧૦ | બુધ | ૧ | મૃગ. | માર્ચ : – |
| ૧૧ | ગુરૂ | ૨ | આર્દ્રા | એકાદશી વૃદ્ધિ તિથિ |
| *૧૧ | શુક્ર | ૩ | પુન. | આમલકી એકાદશી (આમળા) (ચંદ્ર-કર્ક : ૮.૫૯) |
| ૧૨ | શનિ | ૪ | પુષ્ય | ગોવિંદ દ્વાદશી, શનિ પ્રદોષ, સૂર્ય પૂર્વ ભાદ્રપદમાં ૩૦.૨૬ |
| ૧૩ | રવિ | ૫ | આશ્લે. | – (ચંદ્ર-સિંહ : ૨૧.૩૧) |
| ૧૪ | સોમ | ૬ | મઘા | વ્રતની પૂનમ, હુતાશની પૂર્ણિમા, હોલિકા દહન, શનિ પૂર્વોદય |
| ૧૫ | મંગળ | ૭ | પૂ. ફા. | ધુળેટી, હોળાષ્ટક સ. ૧૮.૧૧, શ્રી ચૈતન્ય જયંતી |

શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

# હાર્દિક શુભેચ્છા....

### ક્રોશેલ-૪૭૦

### ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.




એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com

# ડૉ. જાગૃતિ દેસાઈ






હું ડો. જયશ્રી ઠાકોર આંખની નિષ્ણાત,જન્મ થી અનાવીલ જ્ઞાતીની, મુંબઈ શહેરમાં ૪૦ વર્ષથી પ્રેક્ટીસ કરૂ છું. જ્યારે મને મોતિયાની શરૂઆત થઈ. ત્યારે મારે માટે ઘણો મોટો પ્રશ્ન એ હતો કે ક્યાં કરાવવું. મેં ડો. જાગૃતિ દેસાઈની પસંદગી કરી. તેમની ઓક્યુલસ આઈ હોસ્પીટલ જે વિલેપાર્લા, જુહુ માં છે. ત્યાં હું મારા દર્દીને પણ લઈ જાઉ છું. ડો. જાગૃતિ દેસાઈ મોતિયાની સર્જરીમાં તો નિપુણ છે જ સાથે ચોખ્ખાઈ શિસ્તબદ્ધ અને જીણી બાબતોમાં ચિવટ છે. જે આંખની સર્જરીમાં ઘણી જરૂરી છે. આપણા દેશમાં ચાલશે, ફાવશે એ રીતે આંખની સર્જરીમાં ન ચાલે અને માટે જ મેં એમની પસંદગી કરી. ઓપરેશનમાં દુખાવો જરાપણ થતો નથી થતો. ઇંજેકસન નો ઉપયોગ થતો નથી. ફક્ત ટીપાથી જ થાય છે. પાટો પણ લગાડવામાં આવતો નથી. માટે જરાપણ ડરવાની જરૂર નથી અને ઓપરેશનના બીજે દિવસથી કામે લાગી ગઈ છું. આ એક અનાવિલ જ્ઞાતિ માટે ગૌરવની વાત છે અને જેથી મારી વિનંતી છે કે તમે બેજીજક ઓક્યુલસ હોસ્પીટલ માં ઓપરેશન કરાવી શકો છો. ઘણીવાર લોકો પૈસા ખર્ચવા માં કંજૂસાઈ કરતા હોય છે પણ મારૂ માનવું છે કે આ શરીર જ આપણો છેલ્લા સારથી છે માટે આપણે આંખની બિમારી માં કજૂસાઈ ન કરવી. પહેલું સુખ તે જાતે નર્યા. **– ડો. જયશ્રી ઠાકોર**

ડો. જાગૃતિબેન દેસાઈ એ અંધેરી વેસ્ટ નિવાસી મઘુસુદન દેસાઈની બન્ને આંખનું મોતિયાનું ઓપરેશન ખુબ જ સરળતાથી અને સલામતીપૂર્વક સફળતાથી પાર પાડ્યું હતું. અદ્યતન સાઘનોથી લઈને કોઈ તકલીફ પડી નથી. હુંબીજાને એમની ભલામણ કરી શકું છું. ધન્યવાદ

**– મધુસુદન દેસાઈ, અંધેરી**

## સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

### ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી.

- તંત્રીશ્રી

### જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/-। આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/-। લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-


તંત્રી શ્રી મધુસુદન દેસાઈએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યુ.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, કુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩